ISSN 0976-5794 Vidyapith

# વિદ્યાપીઠ

ત્રૈમાસિક : વર્ષ ૫૫ : અંક ૧ : જાન્યુઆરી – માર્ચ : ૨૦૧૭

તંત્રી
અનામિકભાઈ શાહ
સંપાદકો
ધ્વનિલ પારેખ, અમરેન્દ્ર પાંડે, જિતેન્દ્ર ડેબરિયા

છૂટક નકલ : રૂ. ૬૦-૦૦

વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦-૦૦

विद्यापीठ

## અનુક્રમણિકા

### દૃષ્ટિબિંદુ


१. गांधी विचार विफल नहीं हुआ, विफल हम हुए है

- राज्यपाल श्री ओ.पी. कोहली ३

૨. ગ્રામસેવા કેન્દ્ર દેથલીના કેટલાક કેળવણીલક્ષી વિશિષ્ટ પ્રયોગો

- વિપિન મકવાણા ૧૩


### અન્વેષણ


૧. વાર્તાકાર પન્નાલાલ પટેલ : કોઠાસૂઝના કલાકાર - ભાવેશ જેઠવા ૨૨

૨. રાજેન્દ્ર શાહનાં ધ્વનિ કાવ્યો - હિમ્મત ભાલોડિયા ૨૮

૩. ઉમાશંકર જોશીની વિવેચનયાત્રા - બિપિન આશર ૩૫

૪. સંશોધક ઉમાશંકર જોશી - મનીષા દવે ૪૫

૫. શ્રી રઘુવીર ચૌધરીનાં દીર્ઘનાટકો - ઋષિકેશ રાવલ ૬૩


### પુસ્તકસમીક્ષા


૧. વિદ્યા વધે એવી આશે - નીતિનકુમાર ઢાઢોદરા ૭૧

Vidyapith (ISSN 0976-5794) Vol. 1 (2017): Pages 63-70

## અન્વેષણ

# શ્રી રઘુવીર ચૌધરીનાં દીર્ઘનાટકો

- ઋષિકેશ રાવલ[1]

ભારતીય સાહિત્યજગતના સર્વશ્રેષ્ઠ જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત શ્રી રઘુવીર ચૌધરી, એ ગુર્જર ગિરાનું ગૌરવ છે. મૂળમાં હિન્દીના અધ્યાપક હોવા છતાં ગુજરાતી સાહિત્યમાં વિશેષ પ્રદાન કરીને એક બહુમુખી પ્રતિભાવાન સર્જકરૂપે તેઓ જાણીતા છે. અલબત્ત નવલકથાક્ષેત્રે તેમણે અદ્વિતીય સિદ્ધિઓ હાંસલ કરી છે, છતાંયે ટૂંકીવાર્તા, કવિતા, વિવેચન અને નાટક જેવા સાહિત્યસ્વરૂપોને પણ ખૂબ જ સફળતાપૂર્વક ખેડીને તેમણે પોતાની કલમની તાકાતનો પરિચય સાહિત્યજગતને કરાવ્યો છે.

રઘુવીર ચૌધરીના શબ્દોમાં જ કહીએ તો ''લખ્યું એ તો નાટકનું માત્ર એક અંગ, અભિનય અને રજૂઆત વિના તો એ માત્ર હસ્તપ્રત કહેવાય. નાટક તો રંગભૂમિમાં પ્રતિપળ સર્જાતું જાય અને એક અખંડ કલ્પનરૂપે પ્રેક્ષકોના સંવેદનમાં ઝિલાય એ.'' (અશોકવન - નાટ્યસંગ્રહ અંતિમ મુખપૃષ્ઠ) આમ, રંગભૂમિ ઉપર ભજવાય ત્યારે જ તે નાટ્યકૃતિ સાર્થક બની ગણાય. બાકી તો તે માત્ર એક સામાન્ય કૃતિ જ બની રહે છે. સાહિત્યની દૃષ્ટિએ આવા સૌથી અઘરા ગણાતા નાટ્યપ્રકારને પણ શ્રી રઘુવીર ચૌધરીએ સફળતાપૂર્વક ખેડવા પ્રયાસ કર્યો છે. તેમની પાસેથી આપણને ઈ.સ. ૧૯૭૦માં 'અશોકવન' અને 'ઝૂલતા મિનારા', ઈ.સ. ૧૯૭૯માં 'સિકંદર સાની' અને ઈ.સ. ૧૯૮૫માં 'નજીક' નામે દીર્ઘનાટકો તેમ જ ઈ.સ. ૧૯૭૩માં 'ડીમ લાઈટ' અને ૧૯૮૨માં 'ત્રીજો પુરુષ' જેવા એકાંકીસંગ્રહો પ્રાપ્ત થયા છે. પરંતુ, અહીં માત્ર તેમના દીર્ઘનાટકોની જ ચર્ચા કરવાનો ઉપક્રમ સેવાયો છે.

નાટ્યકાર પોતે એક કુશળ સાહિત્યકાર હોવાને કારણે તેમના ચારેય દીર્ઘનાટકોમાં જાગતિક સંકેત રચતાં નાટ્યક્ષણોથી ભરપૂર વિષયવસ્તુ, સુરેખ-સર્ળંગ દૃશ્યરચનાઓ, રચનારીતિની વૈવિધ્યતા, સક્ષમ ભાષા અને 'સંઘર્ષ નહીં તો નાટક નહીં'ની ઉક્તિને સાર્થક કરે તેવા સંઘર્ષમય સંવાદો હોવા છતાંયે, રંગભૂમિ ઉપર જે સફળતાથી તેમની એકાંકી રચનાઓ પોંખાઈ છે તેટલી જ સફળતા તેમની દીર્ઘનાટ્ય રચનાઓને મળી શકી નથી, આ

[1] મદદનીશ અધ્યાપક, જી.ડી. મોદી આર્ટ્સ કોલેજ, પાલનપુર.